# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે 93 લાખ ટન યુરિયા અને DAPનું ઉત્પાદન કરનાર ઇફ્કોને દેશની હરિયાળી ક્રાંતિનો આધારસ્તંભ ગણાવ્યું
2. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ “બદલાવ સ્વયંથી”નો સંકલ્પ લઈ સૌપ્રથમ સરકારી વિભાગોને સ્વદેશી વસ્તુઓ અપનાવવા પર ભાર મૂક્યો
3. રાજ્યમાં ગત 11 વર્ષમાં અંદાજે 15 કરોડ 89 લાખથી વધુ બાળકોની વિનામૂલ્યે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી.
4. ચાર વર્ષમાં રાજ્યના 120થી વધુ યુવાન સફળ ઉદ્યોગસાહસિક બન્યા
5. અમદાવાદનાં ખેલાડી એલાવેનિલ વલારિવને ઇજિપ્તમાં યોજાયેલી ISSF વૈશ્વિક સ્પર્ધા રાયફલ-પિસ્તોલમાં બે કાંસ્ય ચંદ્રક જીત્યાં

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SHAH CO-OP KUMBH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ભારતીય ખેડૂત ખાતર સહકારી સંસ્થા-ઇફ્કો 93 લાખ ટન યુરિયા અને DAPનું ઉત્પાદન કરીને દેશની હરિયાળી ક્રાંતિનો આધારસ્તંભ બન્યું છે. આજે નવી દિલ્હીમાં શહેરી સહકારી ધિરાણ ક્ષેત્ર પર આંતરરાષ્ટ્રીય પરિષદ, સહકારી કુંભ 2025નું ઉદ્ઘાટન કરતા, શ્રી શાહે અમૂલ અને ઇફ્કો ને આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણ વૈશ્વિક ક્રમાંકમાં ટોચની બે સંસ્થાઓ બનવા બદલ અભિનંદન પાઠવ્યા.

(બાઇટ : અમિત શાહ – IFFCO)

-------------

# JAN GANNA APP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં જનગણના- સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ gujarat.census.gov.in નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, દેશમાં આ વખતે આગામી જનગણના 2027 અંતર્ગત પહેલીવાર મોબાઇલ એપ્લિકેશન દ્વારા ડિજિટલ રીતે હાથ ધરાઇ રહી છે. નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પહેલીવાર, સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ

કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે.

રાજ્યના જનગણના  નિયામક સુજલ મયાત્રાએ આગામી 2027ની જનગણના માટે અભ્યાસ કરાયો અને વિવિધ મોબાઇલ એપ્લિકેશનનું પરિક્ષણ કરાયું.

-------------

# SWADESHI ABHIYAN MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મહત્વની બેઠક યોજાઈ. તેમાં “હરઘર સ્વદેશી” અને “મેક ઇન ઇન્ડિયા”ના અભિયાનને જનજન સુધી પહોંચાડી તેને ચરિતાર્થ કરવા અંગે ચર્ચા થઈ. નાગરિકો મહત્તમ સ્વદેશી વસ્તુઓને અપનાવે તેવી જાગૃતિ કેળવવાના હેતુસર યોજાયેલી બેઠકમાં આ અભિયાનની ઝીણવટપૂર્વક વ્યૂહરચના તૈયાર કરવા અંગે પણ ચર્ચા થઈ.

શ્રી સંઘવીએ “બદલાવ સ્વયંથી”નો સંકલ્પ લઈ સૌપ્રથમ તમામ વિભાગ સ્વદેશી વસ્તુઓ અપનાવે તેનું ભારપૂર્વક સૂચન કર્યું. સરકારી વિભાગો દ્વારા સ્વદેશી વસ્તુઓના ઉપયોગની શરૂઆતથી લોકોમાં એક સકારાત્મક જશે અને આ મુહિમને વેગ મળશે તેવો વિશ્વાસ શ્રી સંઘવીએ વ્યક્ત કર્યો.

-------------

# PANSHERIYA SH RBSK

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, રાજ્યમાં ગત 11 વર્ષમાં શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અંદાજે 15 કરોડ 89 લાખથી વધુ બાળકોની વિનામૂલ્યે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી છે. જ્યારે બે લાખ 18 હજારથી વધુ બાળકોને હૃદય, કિડની, યકૃત પ્રત્યારોપણ સહિતની અતિવિશિષ્ટ સારવાર વિનામૂલ્યે અપાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા ભાવિ પેઢીને વધુ તંદુરસ્ત બનાવવાના હેતુસર 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય' કાર્યક્રમ યોજના અમલી બનાવવામાં આવી છે. તેમાં નવજાત શિશુથી 18 વર્ષ સુધીના તમામ બાળકો જેવા કે, આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા શાળામાં ન જતા બાળકોની નિયમિત આરોગ્ય તપાસ, ચકાસણી અને જરૂરી સારવાર નિઃશુલ્ક કરાય છે તેમ પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.

-------------

# UDYOG SAHSIK TALIM

**રાજ્યમાં ગત ચાર વર્ષમાં 120થી વધુ યુવાન સફળ ઉદ્યોગસાહસિક બન્યા છે. સત્તાવાર યાદી મુજબ, આ સમયગાળામાં બે કરોડ રૂપિયાનો ખર્ચ કરીને એક હજારથી વધુ આદિજાતિ યુવાનોને ઉદ્યોગસાહસિકતાની તાલીમ પણ અપાઈ છે. સાંભળીએ અહેવાલ.**

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(....સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકારના ઉદ્યોગસાહસિકતા તાલીમ દ્વારા રાજ્યના આદિજાતિ યુવાનો આત્મનિર્ભર બની રહ્યા છે. તેમની તાલીમ માટે રાજ્યભરમાં 42 જેટલા કૌશલ અદ્યતન કેન્દ્ર – SUC અને નવ પ્રાદેશિક કેન્દ્ર કાર્યરત્ છે. વર્ષ 2021-22થી 2024-25 દરમિયાન એક હજાર 300થી વધુ આદિજાતિ યુવાનોને કૌશલ્ય તાલીમ અપાઈ છે. જ્યારે 223 જેટલા લાભાર્થીને રોજગારની તક મળી છે. ડાંગનાં નિવાસી દક્ષાબેન બિરારીએ ઉદ્યોગસાહસિકતા વિકાસ કેન્દ્ર- C.E.D.ની તાલીમ અને સખીમંડળના સહકારથી પોતાની સંસ્થા બનાવી આજે 80 લાખ રૂપિયાથી વધુનો વકરો કરી રહ્યાં છે. જ્યારે વડોદરાનાં તરૂણ વસાવા પ્લાસ્ટિક ઉત્પાદન ક્ષેત્રમાં આગળ વધીને એક કરોડ રૂપિયાનો વકરો કરી રહ્યા છે.*

*પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

-------------

## NMSAR - BETHAK

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સમુદ્રી શોધ અને બચાવ કામગીરી બોર્ડ – NMSARની 23મી એક દિવસીય બેઠક યોજાઇ. બોર્ડની કામગીરી સંબંધિત તમામ બાબતો માટે સર્વોચ્ચ નિર્ણય લેનાર અને સંકલન મંચ દ્વારા યોજાયેલી બેઠકમાં ભારતીય તટરક્ષકના ડિરેક્ટર જનરલ પરમેશ શિવમણીએ કહ્યું, દરિયાઈ સરહદમાં માછીમારોની સુરક્ષા માટે અદ્યતન ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

( બાઈટ- પરમેશ શિવમણી, ડીજી NMSAR )

બોર્ડ સમગ્ર ભારતીય શોધ અને બચાવ ક્ષેત્ર - ISRRમાં આંતર-એજન્સી સિનર્જી, નીતિ ઘડતર અને ક્ષમતા વૃદ્ધિને પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ પદ્ધતિ તરીકે સેવા આપી રહ્યું છે.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SKILL UNIVERSITY MoU

ગાંધીનગરમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં છ ઉદ્યોગોએ કૌશલ્યા – ધી સ્કીલ યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર – MoU કર્યા. પોતાના ઉદ્યોગ એકમો ખાતે નવા તાલીમ કાર્યક્રમ શરૂ કરવા આ કરાર થયા છે. ઉપરાંત આ યુનિવર્સિટી અને ઉદ્યોગ ગૃહની ભાગીદારીથી યુનિવર્સિટીના શિલજ પરિસર ખાતે બદલાતી ટૅક્નોલૉજીને અનુરૂપ નવા

અભ્યાસક્રમ શરૂ કરવા પણ છ ઉદ્યોગોએ ઈરાદાપત્ર – LoI પર હસ્તાક્ષર કર્યા.

આ પ્રસંગે શ્રી બાવળિયાએ કહ્યું, ઉદ્યોગ, રોકાણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે ગુજરાતે હંમેશા દેશના અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે. યુવાધનને રોજગારી આપવામાં ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય હોવાનું પણ શ્રી બાવળિયાએ ઉમેર્યું.

-------------

# TEKA NA BHAV – MAGFALI KHARIDI

રાજ્યભરમાં ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો પ્રારંભ થયો છે.

ગીર સોમનાથમાં ખરીદી કેન્દ્રો પર તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ખરીદી વ્યવસ્થાનું ઉચ્ચ અધિકારીઓ નિરીક્ષણ કરી રહ્યા છે.

બનાસકાંઠાના 36 અને વાવ-થરાદ જિલ્લામાં 30 જેટલા ખરીદ કેન્દ્ર પર ખરીદી હાથ ધરાઇ છે. દરરોજ SMSથી ખેડૂતોને જાણ કરીને જણસ વેચવા બોલાવવામાં આવી રહ્યા હોવાનું  દિયોદર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-APMCના અગ્રણી પરાગ પટેલે જણાવ્યું.

(બાઇટ - પરાગભાઇ પટેલ દિયોદર, એપીએમસીના સેક્રેટરી)

બોટાદમાં મગફળીની ખરીદી શરૂ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઢડા તાલુકાના રોજમાળ ગામના ખેડૂત ધીરુભાઈએ સરકાર દ્વારા સારી વ્યવસ્થા બદલ આનંદ વ્યક્ત કર્યો.

(બાઇટ- ખેડૂત બોટાદ)

-------------

# Morbi Jilla Panchayat

મોરબીમાં યોજાયેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અટકેલા વિકાસકાર્યોને બહાલી અપાઇ. જિલ્લા પંચાયતનાં પ્રમુખ હંસા પારધીએ કહ્યું, લોકહિતને ધ્યાને રાખી સામાન્ય સભા યોજાઇ હતી.

(બાઈટ - હંસાબેન પારધી, જિલ્લા પચાયત પ્રમુખ મોરબી)

-------------

# ELAVENIL VALARIVAN MEDAL

અમદાવાદનાં ખેલાડી એલાવેનિલ વલારિવને આંતરરાષ્ટ્રીય નિશાનેબાજ રમતગમત મહામંડળ – ISSF વૈશ્વિક સ્પર્ધા રાયફલ-પિસ્તોલ 2025માં બે કાંસ્ય ચંદ્રક જીત્યાં છે. ઇજિપ્તના કાહિરામાં યોજાયેલી ISSF સ્પર્ધામાં મહિલાઓની 10 મીટર એ રાયફલ ઑલિમ્પિક ઇવેન્ટમાં

ઑલિમ્પિયન ઍલાવેનિલ વલારિવને વ્યક્તિગત વર્ગ અને ટીમ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યાં છે.

તેમણે પોતાની કારકિર્દીનો પહેલો વિશ્વ વિજેતાનો ચંદ્રક પણ પોતાનાં નામે કર્યો. તેમણે ફાઈનલમાં દક્ષિણ કૉરિયાનાં ઑલિમ્પિક વિજેતા બન હ્યો જિન અને ચીનનાં વાન્ગ ઝિફેઈન પછી ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો છે. આ સાથે જ ઍલાવેનિલ વલારિવાન મહિલાઓની 10 મીટર ઍર રાયફલ સ્પર્ધામાં વિશ્વ વિજેતાનો વ્યક્તિગત ચંદ્રક જીતનારાં ત્રીજા ભારતીય નિશાનેબાજ બની ગયાં છે.

-------------

# Dang Swadeshi Melo

ડાંગના આહવામાં વન સદન ખાતે સ્વદેશી  મેળો યોજાયો. સ્થાનિક વસ્તુઓને પ્રોત્સાહન આપવાના "વોકલ ફોર લોકલ'થી પ્રેરિત સ્વદેશી મેળાનો હેતુ જિલ્લાની સખીમંડળ મહિલાઓ દ્વારા સ્વઉત્પાદિત વસ્તુઓનું વેચાણ થાય અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો છે. આગામી ૧૦ દિવસ સુધી યોજાનારા આ મેળાનું સુબીર અને વઘઇમાં પણ આયોજન કરાશે.

-------------

# LETTER TO FM

નેપાળમાં પર્વતીય વિસ્તારમાં ટ્રેકિંગ દરમિયાન સુરતનાં પ્રિયાંશી ભંડારી અને તેમનાં પિતા લલ્લુભાઈ ભંડારીનું અવસાન થયું હતું. બારડોલી તાલુકાના કડોદ ગામનાં વતની આ પિતા-પુત્રીનાં પાર્થિવ દેહને વતન પરત લાવવા સાંસદ પ્રભુ વસાવાએ વિદેશ મંત્રાલયને પત્ર લખ્યો છે. શક્ય તેટલી ઝડપથી તેમના પાર્થિવ દેહ પરિવારજનોને મળે તે માટે સાંસદશ્રી વિદેશ મંત્રાલય સાથે સંકલન કરી રહ્યા છે.

-------------

# BOOK A CALL WITH BLO

રાજ્યભરમાં હાલ મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. તેમાં મતદારને કોઈ મુશ્કેલી તથા ગેરસમજ ન થાય તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચે ટેક્નોલૉજીનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરીને વિવિધ પહેલ અમલમાં મૂકી છે. આવી જ એક 'બૂક અ કોલ વિથ BLO' છે. આ સુવિધા એટલે મતદારોને S.I.R. વિષયક મૂંઝવતા પ્રશ્નનો ઘરે બેઠા જવાબ મેળવવાનો સૌથી સરળ માર્ગ છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આજ દિન સુધી રાજ્યમાંથી કુલ 10 હજાર 204 નાગરિકોએ ECINET વેબસાઈટ પરથી આ સુવિધાનો લાભ મેળવ્યો છે. તેમાંથી 6 હજાર 239 નાગરિકનો બૂથ સ્તરના અધિકારી – BLO દ્વારા માત્ર 48

કલાકના ટૂંકા ગાળામાં સંપર્ક કરીને માર્ગદર્શન અપાયું છે. જ્યારે અન્ય નાગરિકોનો સંપર્કનો પ્રયાસ ચાલી રહ્યો છે.

-------------

# sp. Khelmaha Kumbh

વિશેષ ખેલમહાકુંભ અંતર્ગત આગામી ડિસેમ્બર મહિનામાં પ્રજ્ઞાચક્ષુઓ માટે એથ્લેટિક, ક્રિકેટ, ચેસની રમત યોજાશે. રાષ્ટ્રીય અંધજન મંડળ અમદાવાદ દ્વારા આગામી 5મી ડિસેમ્બરે એથ્લેટિક, 6 ડિસેમ્બરે ક્રિકેટ અને ૧૪ ડિસેમ્બરે ચેસની રમતનું આયોજન કરાયું છે.

ખેલાડીઓ ઓનલાઈન નોંધણી કરાવી શકે છે, ઉપરાંત, આ અંગેના માર્ગદર્શન માટે ૯૮૨૪૨૪૦૭૨૭ નંબર પર સંપર્ક કરી શકે છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------